જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૫/૨/૨૦૧૫ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૫૩/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી, ૧૬૧ લીટર દેશી દારૂ અને ૦૧ બોટલ ઇગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૫૭૨૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૫૪/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૬૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૫૫/૧૫**

**નવરંગપુરા :** સોમાભાઇ શંકરલાલ ઠક્કર (ઉ.વ.૫૫)(રહે.અમીતનગર સોસાયટી, રામાકાકા રોડ, છાણી વડોદરા) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩/૨/૧૫ રાતનાં ૮/૦૦ વાગ્યાથી તા.૪/૨/૧૫ નાં કલાક ૦૦/૩૦ વાગ્યા દરમ્યાન નવરંગપુરા સી.જી.રોડ બોડીલાઇન ચાર રસ્તા પાસે આવેલ ઇસ્કોન આર્કેટ સામે પાર્ક કરેલ પોતાની કારનાં દરવાજાનો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારમાંથી કાનનું મશીન કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- મુકેલ પર્સની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી સંજીવભાઇ ભૈરૂભાઇ ચલાવે છે.

**મોબાઇલ હાથમાંથી ઝુંટવી લઇ ગયોઃ-** **સમાચાર યાદી નં.૨૫૬/૧૫**

**ચાંદખેડા :** દિશાંતભાઇ મનોજભાઇ શાહ (ઉ.વ.૨૩)(રહે.રૂષતી પેલેસ, હીરાજૈન સોસાયટી પાસે, રામનગર, સાબરમતી) તા.૨/૨/૧૫ રાતનાં ૯/૦૦ વાગ્યાના સુમારે જોન્ટ સફારી હોટલ સામેથી પસાર થઇ રહ્યા હતા ત્યારે પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ દિશાંતભાઇનાં હાથમાંથી એપલ કંપનીનો આઇફોન એસ-૫ કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- તરાપ મારી ઝુંટવી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ દિશાંતભાઇ શાહે તા.૪/૨/૧૫ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી મહેશભાઇ મગનભાઇ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૫૭/૧૫**

**ઓઢવ :** દશરથભાઇ ધીરાજી ઠાકોર (રહે.સાકરચંદ મુખીની ચાલી, બહેરામપુરા) એ તા.૪/૨/૧૫ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩/૨/૧૫ રાતનાં ૮/૩૦ વાગ્યાના સુમારે ઓઢવ કેસર પંજાબ ઢાબા સામેથી પોતાના ભાઇ ભરતભાઇ ઠાકોર (ઉ.વ.૩૫) ટેમ્પો ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે ટેમ્પાને ટક્કર મારતાં, ભરતભાઇને શરીરે માથાના ભાગે ગંભીર ઇજાઓ થતાં, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ લઇ જતાં, ફરજ પરનાં ડૉ.શ્રીએ ભરતભાઇને મૃત જાહેર કર્યા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.જી.બારોટ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.